મોબાઈલ ૯૮૨૫૪૭૩૬૬૫

આપની આજ

- ભાવેશ એન પટ્ટણી

Email:- info@BhaveshNPattni.com
Website:- www.BhaveshNPattni.com

આજનું પંચાંગ

ઉદિત તિથિ	ચતુર્દશી બપોરે ૨:૧૭ સુધી, પછી અમાસ
વાર	શનિ
નક્ષત્ર	સ્વાતિ રાત્રે ૮:૦૯ સુધી, ત્યાર બાદ વિશાખા
કરણ	શકુનિ બપોરે ૨:૧૭ સુધી, ચતુષ્પદ ૧૫ નવેમ્બરના ૦૦:૨૬ સુધી
યોગ	આયુષ્યમાન સવારે ૭:૩૨ સુધી ત્યાર પછી સૌરભાગ્ય ૧૫ નવેમ્બરના ૩:૧૬ સુધી
આજની રાશિ	તુલા
રાશિના અક્ષરો	ર. ત.
સૂર્યોદય	સવારે ૬:૫૨
સૂર્યાસ્ત	સાજે ૫:૫૫

આજનું રાશિ ફળ (જન્મની ચંદ્ર રાશિ મુજબ)

મેષ (અ. લ. ઈ.)
આજે લોકોને મળવાનો યોગ બને છે, ચાહે આપ ઓનલાઈન મળો કે ઓફલાઈન. આજના દિવસ દરમ્યાન ઉમંગમાં વધારો જણાશે. આપ અન્ય લોકોને ઉત્સાહ પ્રેરી શકશો. આજે આપ એવું ધ્યાન રાખશો કે જે લોકો આપની ખૂબ નજીક છે – તેમની જરૂરિયાતો પૂરી થાય. બાકી આનંદ જ આનંદ.

વૃષભ (બ. વ. ઉ.)
આપને એવું લાગશે કે 'આજે પણ મારે તો મહેનત જ કરવાની? આરામ નહીં કરવાનો?ફ્ર વેલ વેલ, આજે આપ સંજોગોની જરૂરિયાત મુજબ વર્તશો અને તેનો આપને ભવિષ્યમાં ફાયદો પણ થશે. લોકો આપને પોઝિટીવ દ્રષ્ટિકોણથી જોશે. નોકરીયાતો માટે મહેનતનો દિવસ. બિઝનેસ કરનારાઓ માટે વ્યસ્ત દિવસ રહેશે.

મિથુન (ક. છ. ઘ)
આજના દિવસે આપ ખૂબ આનંદ કરશો. જો બહારગામ જાઓ, તો એથી રૂડું કશું જ નહિ, પણ ધારોકે બહારગામ નથી જતાં તો આપ ઘરે એવું વાતાવરણ ખડું કરશો કે બધા ને મજા આવી જાય. આપ પૈસા કેટલાં ખર્ચાય છે, તે નહીં જુઓ. કેટલો આનંદ કરી શકાય છે તે જ જોશો. રોમેન્ટિક દિવસ રહેશે.

કર્ક (ડ. હ.)
ઘર પરિવાર પ્રત્યે આપનું ધ્યાન વધારે રહેશે. આપ ડેકોરેશન કરશો, સરસ ભોજનનો પણ લાભ મળશે. આજના દિવસે કોઈ નવી વસ્તુની ખરીદી કરો તો એ પણ આપના માટે સારું જ છે. આજે આપ સતત બધાંને ખુશ રાખવાં પ્રયાસ કરશો પણ એ યાદ રાખજો કે બધાંને એક સાથે ક્યારે ય ખુશ રાખી શકાતાં નથી હોતાં. ટેઈક એવરીથિંગ ઈઝી ટુડે.

સિંહ (મ. ટ.)
ભાઈ બહેનો અને મિત્રો સાથે સંપર્ક કરશો. નાની મુસાફરી કરવાનું મન થાય તેવું પણ બને. જો આપ આજે કોઈ સરસ સંદેશો આપના પરિવારજનો કે મિત્ર વર્તુળને પાઠવશો, તો તેની સરાહના થશે. આજના દિવસે આપ બેફામ ખર્ચ નહીં કરો. ઓછાં ખર્ચે પણ સારો એવો આનંદ પ્રાપ્ત કરશો.

કન્યા (પ. ઠ. ણ)
આજે પરિવાર આપના માટે મહત્વપૂર્ણ રહેશે. પરિવારમાં જો કોઈ ઈમ્બેલેન્સ હોય, કોઈ વિખવાદ હોય, તો આજે તે દૂર કરવા માટે શ્રેષ્ટ દિવસ છે. ઉઘરાણી બાકી હોય તો આજે અમુક પેમેન્ટ આવી જાય એવું પણ બને. શ્વસુર પક્ષ સાથે ખેંચતાણમાં ઉતરવું નહીં.

તુલા (ર. ત.)
આજે આપ વ્યસ્ત રહેશો. જીવનમાં મજા આવી રહી છે, એવા ભાવ સાથે આપ દિવસ પસ્સાર કરશો. આપનો અપ્રોચ પોઝિટીવ રહેવાથી આપની આસપાસનું વાતાવરણ પણ સકારાત્મક જ રહેશે. પોતે સરસ તૈયાર થશો. લોકો આપના અને આપના ઘરના વખાણ કરશે, જેથી આપને શેર લોહી ચડશે.

વૃશ્ચિક (ન. ય.)
બહુ દિવસથી ભેગો થયેલો થાક ઉતારવા માટે આજનો દિવસ ઉત્તમ છે. આજે કદાચ આપને બહુ વહેલાં ઉઠવાનું મન ન થાય. આળસ થયા કરે. તબિયત પણ થોડી નરમ ગરમ રહે. આજે આપ સ્વજનોએ સોંપેલા કાર્યો કરવા માટે બહુ તત્પર ન હોવ. ટૂંકમાં જવાબદારી લેવાના મૂડમાં નથી આપ.

ધન (ભ. ફ. ધ. ઢ)
મિત્રો સાથે સંપર્ક થાય, ખૂબ વાતચીત થઈ શકે. સગાં-સંબંધીઓ સાથે પણ વાર્તાલાપ થાય. આજે આપ બધું બેલેન્સમાં રાખવા માટે પ્રયાસ કરો. પોતાની તબિયત થોડી નાસાઝ રહે, એથી ખાનપાનમાં ધ્યાન રાખવું અને આરામ કરવો. આજના દિવસે અવનવા ફિલોસોફીકલ વિચારો આવે.

મકર (ખ. જ.)
આજના દિવસે આપનું દિમાગ કામ પ્રત્યે તો આકર્ષાવાનું જ છે. બિઝનેસ હોય, તો એમ વિચાર આવે કે કેટલું કામ થયું અને કેટલું બાકી રહ્યું? આવક જાવક પ્રત્યે આપનું ધ્યાન જયા કરે. આપ પરિવારને પણ સમય આપો તો સારું, એવી મારી સલાહ છે. આજનો દિવસ થોડું કામને બાજુ ઉપર મુકી અને આનંદ કરવા કોશિશ કરો, કેમ કે રોજ કામ તો છે જ ને?

કુંભ (ગ. શ. સ.)
આજના દિવસે આપ દરેક બાબતે વેલ ઓર્ગેનાઈઝ્ડ થવા કોશિશ કરશો. આપ પ્લાનિંગ મુજબ કાર્યો કરશો અને ઘડીયાળના કાંટે દિવસ વિતાવશો. સરસ ભોજન, ઘરનું ડેકોરેશન પણ સરસ થાય અને આ બધી વસ્તુઓ ખુશીઓ વધારે. વિવાદ ટાળવો અને થોડીક ખાલીપાની ભાવના આપની અંદર ઘર કરી જાય.

મીન (દ. ચ. ઝ. થ)
આપે પાછલા દિવસોમાં બહુ મહેનત અને દોડાદોડી કરી હોવાથી, આજે બધો થાક ભેગો થવાનો છે. આજે આપનો મૂડ બહુ સારો નહીં હોય. થોડી શારીરિક પીડા અને થોડી માનસિક પીડા હશે. પરંતુ જો પ્રિય પાત્ર સાથે સંપર્કમાં રહેશો, તો મૂડ આવી જશે. આર્થિક ખર્ચ થાય.

જામનગર-જયપુરની આયુર્વેદ સંસ્થાનને રાષ્ટ્રને સમર્પિત

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા રાષ્ટ્રને ભેટ : આ પ્રસંગે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી વિજય રૂપાણી ઉપરાંત રાજસ્થાનના મુખ્યમંત્રી ગહલોત સામેલ

અમદાવાદ,તા.૧૩
વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે પાંચમા આયુર્વેદ દિવસ પર આયુર્વેદ સંસ્થાઓ- ગુજરાતના જામનગરની ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટિચિંગ એન્ડ રિસર્ચ ઈન આયુર્વેદ અને જયપુરની નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદને રાષ્ટ્રને સમર્પિત કરી છે. આ પ્રસંગે ગુજરાતના રાજયપાલ આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી વિજય રૂપાણી ઉપરાંત રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગહલોત સામેલ થયા હતા. વડાપ્રધાન મોદીના હસ્તે વચ્યૂઅલ લોકાર્પણ કર્યું છે. આ પ્રસંગે વડાપ્રધાન મોદીએ કહ્યું કે, આપણે આયુર્વેદના વિષય પર દુનિયામાં વોકલ થવાની જરૂર છે. વડાપ્રધાને વધુમાં કહ્યું કે, આ બંને સંસ્થાનોના માધ્યમથી રાજસ્થાન અને ગુજરાતમાં પર્યટનને પણ પ્રોત્સાહન મળશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બંને સંસ્થાનોને સમર્પિત કરતાં કહ્યું કે, આયુર્વેદને આધુનિક વિજ્ઞાન સાથે મળીને નવા રિસર્ચ કરવામાં આવી રહ્યા છે. આજે ગુજરાત અને રાજસ્થાનની જે સંસ્થાનોને અપગ્રેડ કરવામાં આવી છે તેથી મારો આગ્રહ છે કે એવો પાઠ્યક્રમ તૈયાર કરવામાં આવે જે આંતરરાષ્ટ્રીય સ્તરને અનુકૂળ હોય. આયુ રસાયણ શાસ્ત્ર વિષય પણ વધુ કામ કરવાની જરૂર છે. વડાપ્રધાને વધુમાં કહ્યું કે, વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને ભારતમાં ડબલ્યુએચઓ ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડિશનલ મેડિસીન ઊભું કરી રહ્યું છે. આ સેન્ટરના માધ્મમથી પારંપરિક દવાઓમાં વધુ રિસર્ચને પ્રોત્સાહન આપવામાં આવશે.આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કહ્યું કે, આ સમગ્ર માત્ર જામનગર કે ગુજરાત માટે નહીં પરંતુ સમગ્ર રાષ્ટ્ર માટે ગૌરવની વાત છે. આ સંસ્થાનમાં હાથ ધરવામાં આવેલા રિસર્ચથી આવનારા સમગ્ર ગુજરાત અને દેશને લાભ મળશે. આયુર્વેદના ક્ષેત્રમાં નવા રિસર્ચ થકી લોકોને વધુ લાભ પહોંચાડી શકાશે. આયુષ મંત્રાલયના જણાવ્યા અનુસાર, બંને સંસ્થાન દેશમાં આયુર્વેદના પ્રતિષ્ઠિત સંસ્થાન છે. જામનગરની સંસ્થાનને સંસદના કાયદાના માધ્યમથી રાષ્ટ્રીય અગત્યની સંસ્થાનનો દરજ્જો પ્રદાન કરવામાં આવ્યો છે જ્યારે જયપુરની સંસ્થાનને યુજીસી દ્વારા માનદ યુનિવર્સિટીનો દરજ્જો પ્રદાન કરવામાં આવ્યો છે. નોંધનીય છે કે, ધનતેરસના પાવન દિવસે વડાપ્રધાને ટ્વીટ કરીને સૌને શુભકામનાઓ પાઠવી હતી. વડાપ્રધાન મોદીએ કહ્યું કે, ધનતેરસની આપ સૌને ખૂબ-ખૂબ શુભકામનાઓ. ભગવાન ધન્વંતરિ દરેકના જીવનમાં સુખ, સમૃદ્ધિ, સૌભાગ્ય અને ઉત્તમ સ્વાસ્થ્ય લઈને આવે.

બિહારના મુખ્યમંત્રીનો નિર્ણય દિવાળી બાદ લેવામાં આવશે

અંતે બિહાર વિધાનસભાનું વિસર્જન : ૧૫મીએ એનડીએના સહયોગી પક્ષો જેડીયુ, ભાજપ, હમ અને વીઆઈપીના નેતાઓની નીતિશના ઘરે બેઠક

પટના, તા. ૧૩
બિહારના પાટનગર પટનામાં ગુરુવારે નીતીશ કુમારના ઘરે એનડીએની એક મહત્વની બેઠક યોજાઈ હતી. ઔપચારિક બેઠક બાદ મુખ્યમંત્રી નીતીશ કુમારે મીડિયા સાથે વાતચીત કરતા જણાવ્યું કે આજે બિહાર કેબિનેટની એક બેઠક બોલાવી હતી. એનડીએના ચૂંટાયેલા ધારાસભ્યોની બેઠકમાં એવો નિર્ણય લેવાયો છે કે, ૧૫ નવેમ્બરના રવિવારે ૧૨.૩૦ વાગ્યે પક્ષના તમામ ધારાસભ્યોની એક સંયુક્ત બેઠક યોજાશે જેમાં આગામી નિર્ણય લેવામાં આવશે. દરમિયાન મોડી સાંજે નીતિશકુમારે મુખ્યપ્રધાન પદેથી રાજીનામું આપતા રાજ્યપાલને મળીને વિધાનસભા બરખાસ્ત કરવા જણાવ્યું હતું. એનડીએના ચારેય સહયોગી દળો જેડીયુ, ભાજપ, હમ અને વીઆઈપીના નેતાઓ નીતીશ કુમારના ઘરે ઔપચારિક બેઠકમાં હાજર રહ્યા હતા. બિહાર કેબિનેટની બેઠકમાં વર્તમાન વિધાનસભાને ભંગ કરવાનો પ્રસ્તાવ પસાર કરાય તેવી સંભાવના છે. વર્તમાન સરકારનો કાર્યકાળ ૨૯ નવેમ્બર સુધીનો છે. પરંતુ બિહાર વિધાનસભાની ચૂંટણી પૂર્ણ થઈ છે અને એનડીએને બહુમત મળ્યો છે જેને પગલે સમય કરતા વહેલા વિધાનસભા ભંગ કરવાના પ્રસ્તાવને લીલીઝંડી મળી શકે છે. ગુરુવારે નીતીશ કુમારે ચૂંટણી જીત્યા પથી સૌપ્રથમ વખતે પત્રકારો સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે, તેમની કોઈ વ્યક્તિગત ચાહના નથી. તેમનો કોઈ દાવો પણ નથી, પરંતુ એનડીએ કોઈ નિર્ણય કરે છે તો અમે તેમની સાથે રહીશું. મુખ્યમંત્રી તરીકે એનડીએના ધારાસભ્યોની બેઠક યોજાશે. આ બેઠક અંગેનો નિર્ણય પણ ટૂંકમાં લેવાશે. ૧૬ નવેમ્બરના શપથવિધિ યોજાશે તેવા પ્રશ્નના જવાબમાં સીએમ નીતીશ કુમારે જણાવ્યું કે હજી સુધી આ અંગે કોઈ નિર્ણય નથી લેવાયો.

બિડેને ટીમમાં ૨૦ ભારતીય મૂળના લોકોને સામેલ કર્યા

અમેરિકા ચૂંટણીના પરિણામો બાદ ભારતીયોનો દબદબો : બિડેને ચૂંટણી જીત્યા બાદ પોતાની એક નવી રિવ્યુ ટીમ બનાવી છે જેને ટ્રાન્જિક્શન ટીમ પણ કહેવામાં આવે છે

વોશિંગ્ટન, તા. ૧૩
અમેરિકામાં રાષ્ટ્રપતિની ચૂંટણીના પરિંણામો સામે આવી ગયા છે. ડેમોક્રેટ ઉમેદવાર જો બિડેનના હાથમાં અમેરિકાની સત્તાના સૂત્રો હશે. જ્યારે ભારતીય મૂળના કમલા હેરિસ અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ હશે. અમેરિકામાં સત્તા વરિવર્તન બાદની પ્રક્રિયાઓ પર અત્યારથી જ ચર્ચાએ જોર પકડ્યું છે. જેમાં ભારતીયોની ભૂમિકા ખુબ જ મહત્વની માનવામાં આવી રહી છે.

માનવામાં આવી રહ્યું છે કે, જો બિડેને તેમની ટીમમાં ૨૦ જેટલા ભારતીય મૂળના લોકોને શામેલ કર્યા છે. બિડેને ચૂંટણી જીત્યા બાદ પોતાની એક નવી જ રિવ્યુ ટીમ બનાવી છે તેને ટ્રાંજિશન ટીમ પણ કહેવામાં આવે છે. આ ટીમના માધ્યમથી તે ચૂંટણી જીત્યા બાદ ૨૦ જાન્યુઆરીએ શપથ લેશે અને રાષ્ટ્રપતિ પદ સંભાળશે. આ ટીમમાં લગભગ ૫૦૦ સભ્યો છે.

જો બિડેને ૩ ભારતીયઓને પોતાની રિવ્યૂ ટીમમાં લીડર તરીકે સામિલ કર્યા છે. જ્યારે કે ૨૦ અન્યને આ ટીમમાં સમાવ્યા છે. આ તમામ ભારતીય પ્રવાસી અમેરિકામાં સત્તા પરિવર્તનમાં મહત્વનો રોલ નિભાવશે. બિડેનની એક ટીમમાં ૩ મુખ્ય ભારતીય મુળના ચહેરા છે જેમાં રાહુલ ગુપ્તા, અરુણ મજૂમદાર અને કિરણ આહુજા રહેશે. જ્યારે અતમન ત્રિવેદી, અનીશ ચોપડા, અરુણ વેંકટરમન, રાજ નાયક, શીતલ શાહ જેવા અન્ય લોકો ૨૦ ભારતીય મૂળના લોકોનો સમાવેશ થશે. જો બિડેનની આ ટીમમાં ભારતીયવંશીઓની મહત્વપૂર્ણ ભૂમિકા રહેશે. રાષ્ટ્રપતિ ચૂંટણીનું ચિત્ર સ્પષ્ટ થતાની સાથે જ બિડેન કેમ્પ તરફથી જાહેરાત કરવામાં આવી હતી કે, તેમની પહેલી પ્રાથમિક્તા કોરોનાની મહામારી પર નિયંત્રણ લાવવાનું છે. બિડેન તેના માટે ટાસ્ક ફોર્સનું ગઠન કરશે. હાલમાં આ ટીમની જવાબદારી ડૉ. વિવેદ મૂર્તિને આપવામાં આવી છે.

હર્ડ ઈમ્યુનિટી આવી જશે તો રસીની જરૂર નહીં પડે : ગુલેરિયા

વિશ્વભરમાં કોરોનાનું સંક્રમણ વધી રહ્યું છે ત્યારે રસી જલદી આવે તો મહામારીને કાબૂમાં લેવામાં મદદ મળશે

નવી દિલ્હી, તા. ૧૩
શિયાળાની શરૂઆત સાથે જ અમેરિકા સહિત ભારતમાં કોરોના વાયરસના કેસમાં ભારે વધારો નોંધાયો છે. દુનિયાભરમાં કોરોનાની વેક્સીનની કાગડોળે રાહ જોવાઈ રહી છે. ત્યારે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સિસના ડાઈરેક્ટર રણદીપ ગુલેરિયાએ અલગ જ નિવેદન આપ્યું છે. ગુલેરિયાએ કહ્યું છે કે, કોરોના વાયરસના વધતા પ્રકોપ બાદ આપણે એક એવી સ્થિતિમાં પહોંચી જઈશું કે જ્યારે હર્ડ ઈમ્યુનિટી આવી જશે અને ત્યારે રસીની પણ જરૂર નહીં પડે.

એઈમ્સના ડાઈરેક્ટર રણદીપ ગુલેરિયાએ એક ખાસ વાતચીતમાં આમ કહ્યું હતું. દિવાળીના તહેવાર અને માસ્ક તેમન સોશિયલ ડિસ્ટેંસિંગમાં લોકોની બેદરકારીને લઈને ડોક્ટર રણદીપ ગુલેરિયાએ કહ્યું હતું કે, તેના બે પહેલુ છે. એક તો એ કે રસી જલદી આવી જાય. જો આવી પણ ગઈ તો સૌથી પહેલા વધુ જોખમવાળા સમૂહને તે આપવામાં આવશે. એવા લોકો કે જેમનામાં ઈન્ફેક્શનની શક્યતા ખુબ વધારે છે. તેનાથી આપણને મહામારીને કાબૂમાં લેવામાં મદદ મળશે અને સંક્રમિત દર્દીઓની સંખ્યામાં ઘટાડો થશે.

બીજુ એ કે આ દરમિયાન એક સમય એવો પણ આવશે કે જ્યારે આપણે હર્ડ ઈમ્યુનિટી મેળવી લઈશું. લોકો પણ મહેસૂસ કરશે કે તેમનામાં ઈમ્યુનિટી આવી ગઈ છે. આવી સ્થિતિમાં રસીની જરૂર નહીં પડે. જો વાયરસ મ્યૂટેટ નહીં થાય અને તેનામાં કોઈ પરિવર્તન નહીં આવે તો રસીની જરૂર પડશે કારણ કે ફરીથી સંક્રમણનું જોખમ રહેશે. તેમણે કહ્યું હતું કે, જો વાયરસ મ્યૂટેટ નહીં થાય અને તેનામાં કોઈ ફેરફાર નહીં આવે તો લોકો કદાચ રસી મૂકાવવા અંગે ફરીથી ન પણ વિચારે અને આ કારણે રસીની જરૂરિયાત ઓછી રહી શકે છે.

લક્ષ્મી પૂજન - ધનતેરસના પાવન પર્વે ભારતીય સંસ્કૃતિની પરંપરા અન્વયે લક્ષ્મી પૂજન ઘરે-ઘરે યોજાયું હતું... સંયુક્ત પરિવારોમાં ભારે ઉલ્લાસપૂર્વક લક્ષ્મીપૂજન યોજાયું હતું. કોરોના કાળમાં ઓછામાં ઓછા વ્યક્તિઓની ઉપસ્થિતિમાં પરંપરા જળવાય છે... મહાલક્ષ્મીની આરાધના કરાય છે કે, તેમની કૃપા સતત જળવાઈ રહે અને સૌનું કલ્યાણ થાય એવી અમીદંષ્ટિ રાખે....

રાજ્યમાં કોરોનાનાં નવા ૧૧૫૨ કેસ નોંધાયા

રાજ્યમાં કોરોનાથી કુલ ૬ લોકોનાં મૃત્યુ થયા : અત્યાર સુધીમાં કુલ ૬૭૩૪૪૬૭ ટેસ્ટ કરવામાં આવ્યા તેમજ ૧૬૯૯૩૬ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા

ગાંધીનગર,તા.૧૩
રાજ્યમાં કોરોનાની સ્થિતી દિવસેને દિવસે ગંભીર થતી જાય છે. ધીરે ધીરે હવે કોરોનાનો આંકડો ૧૪૦૦ ને પાર પહોંચ્યો હતો. જો કે હવે ધીરે ધીરે કોરોના કાબુમાં આવી રહ્યો હોય તે પ્રકારે આંકડા ઘટી રહ્યા છે. આજે રાજ્યમાં નવા ૧૧૫૨ કોરોના દર્દી નોંધાયા હતા. રાજ્યમાં ૧૦૭૮ નવા દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૧,૬૯,૯૩૬ દર્દીઓ સાજા થઈ ચુક્યા છે. રાજ્યમાં દર્દીઓના સાજા થવાનો દર ૯૧.૩૧ ટકા થઈ ચુક્યો છે. રાજ્યમાં ટેસ્ટની સંખ્યામાં પણ દિન પ્રતિદિન વધારો કરવામાં આવી રહ્યો હોવાના દાવા સરકાર કરી રહી છે. આજે રાજ્યમાં કુલ ૫૩,૯૬૭ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જે રાજ્યની વસ્તી અનુસાર પ્રતિ દિવસ ૮૩૦.૨૬ પ્રતિ મીલીયન થાય છે. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૬૭,૩૪,૪૬૭ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૪,૯૬,૪૩૧ વ્યક્તિઓને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૪,૯૬,૩૧૯ વ્યક્તિઓને હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જ્યારે ૧૧૨ વ્યક્તિઓને ફેસીલીટી ક્વોરન્ટાઈન રાખવામાં આવ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ રહી છે. જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૧૨,૩૮૯ એક્ટિવ કેસ છે. વેન્ટિલેટર પર ૭૩ છે. જ્યારે ૧૨,૩૧૬ લોકો સ્ટેબલ છે. ૧,૬૯,૯૩૬ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૩૭૯૧ લોકોનાં મોત નિપજ્યા છે. આજે ૦૬ લોકોનાં મોત નિપજ્યાં છે. જે પૈકી અમદાવાદ કોર્પોરેશનના ૩, ગાંધીનગર ૧, પાટણ ૧, સુરત કોર્પોરેશનનાં ૧ દર્દી સહિત કુલ ૬ દર્દીઓનાં કોરોનાને કારણે મોત નિપજ્યાં છે. રાજ્યમાં કોરોનાની સ્થિતી દિવસેને દિવસે ગંભીર થતી જાય છે. ધીરે ધીરે હવે કોરોનાનો આંકડો ૧૪૦૦ ને પાર પહોંચ્યો હતો. જો કે હવે ધીરે ધીરે કોરોના કાબુમાં આવી રહ્યો હોય તે પ્રકારે આંકડા ઘટી રહ્યા છે. આજે રાજ્યમાં નવા ૧૧૫૨ કોરોના દર્દી નોંધાયા હતા. રાજ્યમાં ૧૦૭૮ નવા દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૧,૬૯,૯૩૬ દર્દીઓ સાજા થઈ ચુક્યા છે. રાજ્યમાં દર્દીના સાજા થવાનો દર ૯૧.૩૧ ટકા થઈ ચુક્યો છે.

ઓક્ટોબરમાં છૂટક મોંઘવારી દર ૭.૬૧% નોંધાયો

ન્યુ દિલ્હી,તા.૧૩
ભારતમાં છૂટક મોંઘવારી દર ઑક્ટોબરમાં ૬ વર્ષના સૌથી ઉચ્ચતમ સ્તર પર પહોંચ્યો હતો. મિનિસ્ટ્રી ઓફ સ્ટેટિક્સ એન્ડ પ્રોગ્રામ ઈમ્પલેમેન્શન અનુસાર મે ૨૦૧૪પછી ઓક્ટોબર ૨૦૨૦માં સૌથી વધુ મોંઘવારીની માર પડી છે. ઓક્ટોબર ૨૦૨૦માં કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ -સીપીઆઈ પર આધારિત રિટેલ મોંઘવારીનો દર ૭.૬૧ ટકા રહ્યો છે જે સપ્ટેમ્બર ૨૦૨૦માં ૭.૨૭ ટકા હતો

ખાદ્ય પદાર્થોના ભાવમાં ભારે વધારો થવાને કારણે ઓક્ટોબરમાં સીપીઆઈ ૭.૬૧ ટકા સુધી પહોંચી ગયો છે. આ સમયગાળા દરમિયાન ફૂડ ઈન્ફલેશન ૧૧ ટકા પર પહોંચી ગયો છે.શાકભાજી અને કઠોળના ભાવમાં વધારાને કારણે છ વર્ષમાં છૂટક મોંઘવારી સૌથી વધારે થઈ ગયો છે. સરકારે આરબીઆઈને રિટેલ મોંઘવારીના દરને ૨ થી ૬ ટકાની રેન્જમાં રાખવા જણાવ્યું છે. મોંઘવારીનો દર ૬ ટકા કરતા વધારે છે તો લોકો પર મોંઘવારીથી અસર પડી છે.

જડબાતોડ જવાબ

● અનુસંધાન પહેલાનું ચાલુ

જેમાં પાકિસ્તાનના ૨-૩ એસએસજીના કમાંન્ડો પણ શામેલ છે. આ ઉપરાંત પાકિસ્તાની સેનાના ૧૦ થી ૧૨ જવાનો ઘાયલ થયા છે. જેથી પાકિસ્તાની સેનાના જવાનોનો મૃતાંક વધે તેવી શક્યતા છે. ભારતીય સેનાના જણાવ્યા પ્રમાણે પાકિસ્તાન તરફથી કોઈ જ કારણ વગરની ઉશ્કેરણીજનક હરકત કરવામાં આવી હતી. પાકિસ્તાની સેનાએ ઉરીથી લઈને ગુરેજ સુધીના વિસ્તારોમાં સીઝફાયર ઉલ્લંઘન કર્યું હતું જેનો ભારતીય સેનાએ તત્કાળ જવાબ આપતા ૮ સૈનિકોના ઢીમ ઢાળી દીધા હતાં.

આ અગાઉ ભારતીય સેનાના જણાવ્યા પ્રમાણે એલઓસીની નજીક કુપવાડાના કેરનથી બારામુલાના ઉરી સેક્ટરમાં અનેક થેકાણે પાકિસ્તાન તરફથી ભિષણ ગોળીબાર કરવામાં આવ્યો હતો. સામે ભારતીય સેના પણ જડબાતોડ જવાબ આપી રહી છે. બારામુલામાં પાકિસ્તાન તરફથી યુદ્ધ વિરામનું ઉલ્લંઘન કરતા ગોળીબાર કરવામાં આવ્યો હતો. આ નાપાક હરકતમાં ઘાયલ થયેલા બીએસએફના જવાન રાકેશ દોભાલ શહીદ થયા છે. રાકેશ ડોભાલ ઉત્તરાખંડના ઋષિકેશના ગંગાનગરના રહેવાસી હતાં. તે બીએસએફ આર્ટી રેજિમેંટમાં હતાં અને કોન્સ્ટેબલ પદે તૈનાત હતાં. આ ગોળીમારમાં સેનાના બે જવાનો પણ શહીદ થયા હોવાના અહેવાલ છે. જ્યારે ૩ નિર્દોષ નાગરિકોના પણ મોત નિપજ્યા હોવાના અહેવાલ છે. અન્ય એક નાગરિકની સ્થિતિ હજી પણ ગંભીર હોવાનું જાણવા મળી રહ્યું છે. પાકિસ્તાની સેનાના દ્વારા કરવામાં આવેલા ગોળીબારમાં સરહદની નજીકના ગામડાઓના ઘરોને પણ નુકસાન પહોંચ્યુ છે, જ્યારે એક મહિલા પણ ઘાયલ થઈ છે. પાકિસ્તાન તરફથી આજે બારામોલ્લા જીલ્લાના હાજીપીર વિસ્તારમાં ગોળીબા કરવામાં આવ્યો. આ ઉપરાંય તંગધાર સેક્ટર અને ગુરેજ સેક્ટરમાં પણ પાકિસ્તાન દ્વારા સીઝફાયરનું ઉલ્લંઘન કરવામાં આવ્યુ હતું. આ દરમિયાન પાકિસ્તાની સેનાએ ગોળીબાર, મોર્ટાર મારો કર્યો હતો. ભારતીય સેનાએ પણ પાકિસ્તાનને વળતો જડબાતોડ જવાબ આપ્યો હતો. પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા ગોળીબાર બાદ સરહદે અડીને આવેલા ગામના લોકોને સુરક્ષીત સ્થળે ખસેડવામાં આવી રહ્યાં છે.

શહેરના દવાખાના

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઈન્ડિયન મેડીકલ એસોસિએશનના પ્રમુખ ડો અનિલ ચૌહાણે જણાંવ્યુ છે.

હાલ કોરોનાના કહેર વચ્ચે નાગરિકો બેચેની અનુભવી રહ્યા છે. એકબાજુ કોરોનાના દર્દીઓની સંખ્યા દિન પ્રતિદિન વધી રહી છે. ત્યારે દિવાળીના પર્વના દિવસોમાં પણ કોરોનાની મહામારી નગરજનો માટે ચિંતાનો વિષય છે. દિવાળીના પર્વની ઉજવણીને અનુલક્ષી નાગરિકો ખરીદીમાં ઉત્સુક જોવા મળે છે. જયારે બજારમાં પણ સોશિયલ ડીસ્ટન્સીંગના નામે મીંડુ જોવા મળે છે. મોઢા પર માસ્ક પહેરવાનુ હવે ફરજિયાત ન હોવાનુ નાગરિકો માની રહ્યા છે. ત્યારે આવા સંજોગોમાં આગામી દિવસોમાં કોરોનાના દર્દીઓની સંખ્યા વધવાની પુરી સંભાવના છે. ત્યારે તહેવારોના દિવસોમાં ડોકટરો પણ ઉપલબ્ધ હોતા નથી. જેના લીધે નગરજનોએ હોસ્પિટલના ધક્કા ખાવાનો વારો આવે છે. એકબાજુ કોરોનાનો કહેર અને બીજીબાજુ ઠંડી ગરમીની ડબલ સિઝન વચ્ચે વાયરલ ફીવરના પણ વાયરા છે. આવા સંજોગોમાં તાવ શરદીના દર્દીઓથી પણ દવાખાના ઉભરાતા હોય છે. હાલ કોરોનાના કહેર વચ્ચે દિવાળી પર્વની ઉજવણી માટે નાગરિકો ઉત્સુક છે. ત્યારે દિવાળીની રજાઓના દિવસોમાં નગરજનોને તબીબી સેવા મળી રહે તેવો સુર પણ ઉઠવા પામ્યો છે. શહેર વસાહત મહામંડળા પ્રમુખ અરૂણ બુચે પણ આ અંગે રજુઆત કરી છે. જેમાં દિવાળીની રજાના દિવસોમાં સેકટરોમાં નાગરિકોને આરોગ્ય સેવા મળી રહે તે માટે ખાનગી દવાખાનાઓ પણ કાર્યરત રહે તેમ જણાંવાયુ છે. તો બીજીતરફ ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના પ્રમુખ ડો અનિલ ચૌહાણે આ અંગે જણાંવ્યા મુજબ આ વર્ષે દિવાળીમાં મોટાભાગના ક્લિનીક ખુલ્લા રહેશે. ખાનગી દવાખાનાઓમાં પણ સેકટરવાસીઓને આરોગ્ય સેવા મળી રહેશે. સેકટરોમાં મોટાભાગના ક્લિનીક ખુલ્લા રહેશે. જયારે સિવિલ હોસ્પિટલમાં પણ તમામ ડોકટરો હાજર રહેશે જયારે અન્ય ડોકટરોની વ્યવસ્થાને ધ્યાને લઈને જ તબીબોની રજા મંજુર કરવામાં આવશે તે મુજબની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ડોકટરોને પ્લાનીંગ મુજબ રજા આપવામાં આવશે. જેથી તહેવાર ટાંણે રજાના દિવસોમાં દર્દીઓને હાલાકી વેઠવી ન પડે.